પ્રાથમિક શાળા ત્રિમાસિક કસોટી

સત્ર – ૧ | વિષય : ગણિત | ધોરણ – ૪ | સમય : ૨ કલાક | કુલ ગુણ : ૪૦

સમાવિષ્ટ એકમો: એકમ ૧ - ઈંટોની ઈમારત | એકમ ૨ - લાંબુ અને ટૂંકું | એકમ ૩ - ભોપાલનો પ્રવાસ | એકમ ૪ - ટીક-ટીક-ટીક / વ્યવહારુ ગણિત

વિદ્યાર્થીનું નામ: _____	**રોલ નં.:** _____ **વર્ગ:** _____	**મેળવેલ ગુણ:** _____ / ૪૦
શાળાનું નામ: _____		**તારીખ:** ___/___/૨૦૨__

પ્રશ્ન ૧ (અ) નીચે આપેલા અતિ ટૂંકજવાબી પ્રશ્નોના ઉત્તર આપો. (કોઈપણ ત્રણ) [૩ ગુણ]

અધ્યયન નિષ્પત્તિ: M401 - ૪ અંક સુધીની સંખ્યાઓનું વાંચન, લેખન અને મૂળભૂત ગાણિતિક ક્રિયાઓ

1. ૪૫૬૭ ને શબ્દોમાં લખો:
   જવાબ: .....

2. ૮૯૪૫ માં '૯' ની સ્થાનકિંમત લખો:
   જવાબ: .....

3. ૩૧૦૦ ની તરત પહેલાં આવતી સંખ્યા લખો:
   જવાબ: .....

4. એક બોક્સમાં ૧૨ રબર છે, તો આવાં ૫ બોક્સમાં કુલ કેટલાં રબર થશે?
   જવાબ: .....

5. ૫૬ વસ્તુઓ ૭ બાળકોમાં સરખી વહેંચીએ, તો દરેક બાળકને કેટલી વસ્તુઓ મળશે?
   જવાબ: .....

પ્રશ્ન ૧ (બ) માગ્યા મુજબ ગણતરી કરો. (કોઈપણ બે) [૪ ગુણ]

અધ્યયન નિષ્પત્તિ: M402 - સંખ્યાઓનું વિસ્તૃત સ્વરૂપ, સરખામણી, ચડતો ક્રમ અને ગુણાકાર/સરવાળો

1. ૭૮૬૫ સંખ્યાનું વિસ્તૃત સ્વરૂપ (સ્થાનકિંમત આધારે સરવાળો) લખો:

2. નીચેની સંખ્યાઓને ચડતા ક્રમમાં ગોઠવો: ૮૭૬૫, ૩૪૫૬, ૯૮૭૬, ૫૪૩૨

3. ગુણાકાર કરો: ૨૩૪ × ૩

4. એક શાળામાં ૨૩૪૫ છોકરાઓ અને ૩૨૧૦ છોકરીઓ છે, તો તે શાળામાં કુલ કેટલા વિદ્યાર્થીઓ છે?

પ્રશ્ન ૧ (ક) નીચે આપેલા વ્યવહારુ દાખલા ગણો. (કોઈપણ બે) [૬ ગુણ]

અધ્યયન નિષ્પત્તિ: M403 - રોજિંદા જીવનના વ્યવહારિક કોયડાઓમાં સરવાળા, બાદબાકી અને ગુણાકારનો વિનિયોગ

1. એક અનાજના વેપારી પાસે ગોડાઉનમાં ૯૮૭૫ કિલો અનાજ હતું. તેમાંથી ૪૫૬૦ કિલો અનાજ વેચાઈ ગયું, તો વેપારી પાસે ગોડાઉનમાં કેટલું અનાજ બાકી રહ્યું?

2. તમે બજારમાંથી નીચે મુજબની વસ્તુઓ ખરીદી: • પુસ્તક = ₹ ૩૫૦ • બેગ = ₹ ૪૫૦ • પેન = ₹ ૭૫
જો તમે દુકાનદારને ₹ ૧૦૦૦ આપ્યા હોય, તો દુકાનદાર તમને કેટલા રૂપિયા પાછા આપશે? HOT

3. એક ખેડૂત દરરોજ ૧૨૫ વૃક્ષો વાવે છે, તો ૮ દિવસમાં કુલ કેટલાં વૃક્ષો વાવશે?

પ્રશ્ન ૨ સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો. (કોઈપણ ચાર) [૪ ગુણ]

અધ્યયન નિષ્પત્તિ: M408 - ભૂમિતિના આકારો (દ્વિ-પરિમાણીય અને ત્રિ-પરિમાણીય) અને વિવિધ પેટર્નની સમજ

1. ઈંટનો સામાન્ય આકાર કેવો હોય છે?

(A) ગોળ (B) લંબઘન (C) લંબગોળ (D) શંકુ

2. ઘરની બારીના સળિયા આ પ્રમાણે છે: | | | | | આમાં કઈ પેટર્ન છે?

(A) સરખા અંતરે પુનરાવર્તન (B) રંગ પેટર્ન
(C) સંખ્યા પેટર્ન (D) કોઈ નહીં

3. આકારોની ગોઠવણી જુઓ: ○ □ ○ □ ○ □ આગળ કયો આકાર આવશે?

(A) ○ (B) □ (C) △ (D) ☆

4. મધમાખીના મધપૂડામાં કયા આકારની પેટર્ન જોવા મળે છે? HOT

(A) ગોળ (B) ત્રિકોણ (C) ષટ્કોણ (D) સીધી રેખા

5. નીચેનામાંથી કઈ વસ્તુમાં ગોળાકાર પેટર્ન જોવા મળે છે?

(A) પંખાના પાંખિયાંની ગોઠવણી (B) સીધી દીવાલ
(C) પુસ્તક (D) પેન્સિલ

પ્રશ્ન ૩ (અ) ખાલી જગ્યા પૂરો. (કોઈપણ ચાર) [૪ ગુણ]

અધ્યયન નિષ્પત્તિ: M412 - લંબાઈના એકમો (સેમી, મીટર, કિમી) નું આંતર-રૂપાંતરણ અને સંબંધોની સમજ

1. ૪૦૫ સે.મી. = _____ મીટર, _____ સે.મી.
2. ૩૦૦૦ મીટર = _____ કિલોમીટર
3. ૪ મીટર ૨૭ સે.મી. = _____ સે.મી.
4. ૧૦ મીટર + ૫૦૦ સે.મી. = _____ મીટર
5. ૩ કિલોમીટર + ૨૦૦૦ મીટર = _____ કિલોમીટર

પ્રશ્ન ૩ (બ) નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો. (કોઈપણ ત્રણ) [૩ ગુણ]

અધ્યયન નિષ્પત્તિ: M413 - લંબાઈના પ્રમાણિત એકમો અને તેના માપન અંગેની તાર્કિક સમજ

1. ચોકની લંબાઈ સામાન્ય રીતે મીટરમાં મપાય છે.
2. ૧ કિલોમીટર = ૧૦૦૦ મીટર થાય.
3. સે.મી. એ મીટરથી મોટો એકમ છે.
4. ૮૫ સે.મી. માં ૧૫ સે.મી. ઉમેરતાં ૧ મીટર થાય.

પ્રશ્ન ૪ (અ) સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો. (કોઈપણ ચાર) [૪ ગુણ]

અધ્યયન નિષ્પત્તિ: M414 - માપન સાધનોની પસંદગી અને વ્યવહારિક અંદાજ તેમજ ગણતરી

1. બે બિંદુઓ વચ્ચેનું ચોક્કસ અંતર માપવા કયું સાધન ઉપયોગી છે? ____

(A) પરિકર (B) ઘડિયાળ (C) માપપટ્ટી (D) દોરી

2. ફૂટપટ્ટી પર લંબાઈ સામાન્ય રીતે કયા એકમમાં દર્શાવેલ હોય છે? ____

(A) સે.મી. (B) મીટર (C) લિટર (D) કિલોમીટર

3. એક દરવાજાની ઊંચાઈ ૨ મીટર છે, તો તેની ઊંચાઈ સે.મી. માં કેટલી હશે? ____

(A) ૨૦ સે.મી. (B) ૧૫૦ સે.મી. (C) ૨૦૦ સે.મી. (D) ૨૦૦૦ સે.મી.

4. એક પેન્ટ બનાવવા માટે ૧ મીટર ૨૦ સે.મી. કાપડ જોઈએ, તો બે પેન્ટ બનાવવા કેટલું કાપડ જોઈશે? ____

(A) ૨ મીટર ૪૦ સે.મી. (B) ૨ મીટર ૬૦ સે.મી. (C) ૩ મીટર ૪૦ સે.મી. (D) ૨ મીટર ૮૦ સે.મી.

5. એક બોક્સની ઊંચાઈ ૩૦ સે.મી. છે. આ બોક્સ પર તેટલા જ માપનું બીજું બોક્સ મૂકેલ છે, તો હવે કુલ ઊંચાઈ કેટલી થશે? ____

(A) ૩૦ સે.મી. (B) ૬૦ સે.મી. (C) ૯૦ સે.મી. (D) ૪૫ સે.મી.

પ્રશ્ન ૪ (બ) નીચે આપેલા વ્યવહારુ પ્રશ્નોના ઉત્તર આપો. (કોઈપણ બે) [૪ ગુણ]

અધ્યયન નિષ્પત્તિ: M415 - લંબાઈ અને અંતર આધારિત સરખામણી તથા વ્યવહારુ સમસ્યાઓનો ઉકેલ

1. વસ્તુઓને ઓછી લંબાઈથી વધુ લંબાઈ મુજબ ક્રમમાં ગોઠવો: બેટ, કંપાસ, રબર, ફૂટપટ્ટી, ચોક, બૉલપેન

જવાબ: .....

2. એક ઇમારતની ઊંચાઈ ૩૬ મીટર છે. એક વૃક્ષની ઊંચાઈ ઇમારતની ઊંચાઈ કરતાં ૨૦ મીટર ઓછી છે, તો ઇમારત અને વૃક્ષની કુલ ઊંચાઈ શોધો.

3. પાલનપુરથી અંબાજીનું અંતર ૫૯ કિમી છે. અંબાજી પગપાળા યાત્રામાં હર્ષ અને વ્રજ સાથે નીકળે છે. ૮ કલાક પછી વ્રજને અંબાજી ૨૮ કિમી દૂર રહ્યું અને હર્ષને અંબાજી ૩૩ કિમી દૂર રહ્યું છે, તો બંને મિત્રોએ કેટલું અંતર કાપ્યું હશે?

પ્રશ્ન ૫ નીચે આપેલા શાકભાજીના ભાવપત્રક આધારે પ્રશ્નોના ઉત્તર આપો. (કોઈપણ ત્રણ) [૬ ગુણ]

અધ્યયન નિષ્પત્તિ: M421 - ભાવપત્રક/કોષ્ટક પરથી માહિતીનું અર્થઘટન, નાણાકીય વ્યવહારો અને હિસાબ

શાકભાજીનું નામ	કિંમત (રૂપિયા પ્રતિ કિલો)
બટાકા	₹ ૩૦
ટામેટાં	₹ ૪૦
ડુંગળી	₹ ૩૫
વટાણા	₹ ૮૦
ફુલાવર	₹ ૬૦

1. નરેશભાઈ ૨ કિલો બટાકા અને ૩ કિલો ટામેટાં ખરીદે, તો તેમણે કેટલા રૂપિયા ચૂકવવા પડે?

2. ૧ કિલો વટાણાની કિંમત ૧ કિલો ડુંગળીની કિંમત કરતાં કેટલા રૂપિયા વધારે છે?

3. ભાવનાબેન ૧ કિલો ફુલાવર અને ૨ કિલો ડુંગળી ખરીદે છે. તે દુકાનદારને ₹ ૨૦૦ આપે છે, તો દુકાનદાર તેમને કેટલા રૂપિયા પાછા આપશે?

4. રમણ પાસે ₹ ૫૦ ની નોટો છે. તે ૨ કિલો ટામેટાં અને ૧ કિલો વટાણા ખરીદે છે. તેણે દુકાનદારને ₹ ૫૦ ની ઓછામાં ઓછી કેટલી નોટો આપવી પડશે અને તેને કેટલા રૂપિયા પાછા મળશે? HOT